જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૧/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૬	૦	૧૨૬	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૬૫૧૯	૧૫૦	૭૬૬૬૯	૭૭૬૩૦	૧૪૯	૭૭૭૭૯
કુલ		૯૩૧૧૬	૧૫૦	૯૩૨૬૬	૧૦૨૧૫૭	૧૪૯	૧૦૨૩૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦	૪,૪૫,૯૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૯	૮,૫૯,૦૦૦/-

જાહેરનામા ભંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મે. પોલીસ કમિશ્નર શ્રીના જાહેરનામાનો ભંગ કરી પોતાના કબ્જામા એક તીક્ષ્ણ ધારદાર રામપુરી ચપ્પુ લઇ જાહેરમા ફરતા ઇસમને શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એલ.ચૌહાણ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે આજરોજ સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ. વી.એ.હરકટ તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. દરમ્યાન મેઘાણીનગર ભાર્ગવ રોડ અમરાજીનગર ગલી નં-૩ પાસે જાહેરમાં એક ઇસમ પોલીસ સ્ટાફના માણસોને જોઇ પોતાના કબ્જાની એક્સેસ સ્કૂટર લઇને ભાગવા જતા જે શકમંદ હાલતમા જણાતા સ્ટાફના માણસોએ પીછો કરી સદરી ઇસમને પકડી સદરીની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા સદરીના કાળા કલરના જીન્સ પેન્ટના ખીસ્સામાથી એક કાળા કલરનુ તીક્ષ્ણ ધારદાર રામપુરી ચપ્પુ મળી આવેલ જે રામપુરી ચપ્પુ એક બાજુ ધારદાર તથા અણીવાળુ છે. જે સાથે પકડી પાડેલ હોય અને સદરી પાસે રામપુરી ચપ્પુ રાખવા બાબતે કોઇ પાસપરમીટ ન હોય જેથી સદરી ઇસમે મે.પોલીસ કમીશ્નર સા.શ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામા ક્રમાંક વિ.શા./હથિયાર બંધી જાહેરનામુ/એ-સેકશન/પરમીટ/૧૮૧/૨૦૨૧ તા.-૨૮/૧૨/૨૦૨૧ નો ભંગ કરી મળી આવેલ હોય તો સદરી વિરૂધ્ધમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.બી.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૩૨૨૦૦૧૨/૨૦૨૧ જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ.

આરોપીનુ નામ સરનામુ

નિખિલકુમાર સન/ઓફ વિનયસિહ જાતે-નેગી ઉ.વ-૨૦ રહે-૨૦૩ શિવાજીનગર સોસાયટી જય અંબે સોસાયટી પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-ખીરસુ તા-પોડીગડવાલ જીલ્લો-દહેરાદુન (ઉત્તરાખંડ)


કબજે કરેલ મુદ્દામાલ:-


(૧) એક સ્ટીલનુ તીક્ષ્ણ ધારદાર રામપુરી ચપ્પુ કિ.રૂા.૦૦/૦૦

(૨) એક એક્સેસ સ્કુટર ૧૨૫ R.T.O-NO-GJ-01-UX-6515 કિ.રૂ-૫૫,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨ (૩) અનાર્મ પો.કો ચેતનસિહ રાજેન્દ્રસિહ બ.નં-૮૪૬૭ તથા (૪) અનાર્મ પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬ (૫) અનાર્મ પો.કો કિરણસિહ ગોપાલસિહ બ.નં-૯૨૧૦ તથા (૬) અનાર્મ પો.કો અરૂણસિહ યશપાલસિહ બ.નં-૪૨૪૭





પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

શરીર સબંધિત ગુના આચરી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરતા ઇસમોને પાસા અટકાયત હેઠળ રાજકોટ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) નારોલ પો.સ્ટે. ફ.૮૯/૧૯ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે ભાગ એ/૧૧૧૯૧૦૬૫૨૧૧૨૭૩/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૧)(આર), ૩(૨)(૫-એ) મુજબ ના ગુનાના કામના આરોપી :- યાસીન ઉર્ફે ચીલ્લર પીરૂભાઇ કુરેશી ઉ.વ ૩૨ રહે, એકતાનગરની ચાલી ગણેશનગરના કાચા છાપરા ગુજરાતી શાળાની પાછળ ગણેશનગર અમદાવાદ શહેર નાઓની શરીર સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૭/૨૦૨૨ તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત આરોપી ઓના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે ખાસ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૦૪/૦૧/૨૦૨૨.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

પો.સબ.ઇન્સ એ.જી.બ્રિદ તથા અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં.૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૯/૨૦૨૨**

સાયબર ક્રાઈમઃ મનીષાબહેન વા/ઓ લવકુમાર શાહ (ઉ.વ.૫૯) (રહે. કાન્તમ બંગ્લોઝ આશાપુરા ફાર્મ પાસે નીમા ફાર્મ હાઉસ પાછળ સાઉથ બોપલ રોડ મુમતપુરા) એ તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૮૪૨૦૯૬૧૩૨૩ ના ધારકે મનીષાબહેનના મોબાઈલ ઉપર ફોન કરી કેવાયસી વિભાગમાંથી દીપક વર્મા વાત કરતા હોવાની ઓળખ આપી મનીષાબહેનને કેવાયસી અપડેટ કરવાનુ જણાવી મનીષાબહેનના મોબાઈલમાં પ્રોસેસ કરાવી મનીષાબહેનના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર જાણી લઈ મનીષાબહેનના ખાતામાંથી કુલ રૂપિયા ૩૪,૯૯૯/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૦/૨૦૨૨**

કાગડાપીઠઃ હંસાબહેન વા/ઓ મનુભાઈ શાહ (ઉ.વ.૬૮) (રહે. મહીમા એપાર્ટમેન્ટ શાંતિવન પાલડી) એ તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગીતામંદિર એસ.ટી.પ્લેટ ફોર્મ નં-૧૮, ૧૯ ખાતે બસમાં બેસવા બસમાં ચઢતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ હંસાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૭૧,૨૨૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ખેર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૧/૨૦૨૨**

શહેરકોટડાઃ લીલાબહેન રમેશભાઇ આસંરી (ઉ.વ.૫૯) (રહે. પાણી ટાંકી પાસે ન્યુ સરસ્વતીનગર પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળોફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દીનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.